સશિ૫/ફેબ્રુ૦૦/૨૫૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ <u>ત્રણ</u> વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. પ્રત્યક્ષ ભગવાનને કર્તાહર્તા જાણવા તે જ કલ્યાણનું પરમ કારણ.
૨. મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.
૩. જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય - સિદ્ધાંત સમજાવો.
૪. શ્રીહરિના મતે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ.
૫. રાજનીતિ : સ્વભાવ જીત્યાનો ઉપાય.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. માટે જેટલા ત્યાગી .................... સુખ ન થાય.
૨. અને જેને પૂર્વ જન્મમાં ............. ડગમગાટ થાય નહીં.
૩. માટે ભગવાનની આજ્ઞાએ ......... નિવાસ કરે છે.
૪. તે સ્વરૂપને તો ......................... જિતાઈ જશે.
૫. ભગવાન ને ભગવાનના ............ અતિશય બળ લાવે છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય ઉપર અભ્યાક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) સેવા. (૨) સ્વભાવ જીતવાનો ઊપાય.

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. અવળા પક્ષે કરીને મોટા સાધુનો અવગુણ લે તેને શું પ્રાપ્ત થાય ?
૨. આ સાધુથી નોખા પડીએ તો શું થાય ?
૩. સૂર્યના રથનું દૃષ્ટાંત આપી સ્વામીએ જ્ઞાનીની દૃષ્ટિને શી રીતે વર્ણવી ?



૪. સ્વામીના મતે શાનો દુકાળ છે.
૫. કેવાને સ્ત્રીરૂપી ભમરી બુડાડે છે ?
૬. ગુરુ કર્યા ક્યારે કહેવાય ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૭

૧. જ્યાં સુધી .................... છે ત્યાં સુધી સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી વિષે સુખ મનાય છે. (આસક્તિ, અજ્ઞાન, દેહભાવ)
૨. .................નો અભિપ્રાય તો જણાય જ નહીં. (ભગવાનનો, મોટાનો, પ્રતિષ્ઠિતનો)
૩. ગમે તેવી અંતર્દષ્ટિવાળો હોય તેની વૃત્તિને પણ ............. ફગાવી દે છે. (વિષય, દેશકાળ, રૂપ)
૪. 'મહારાજ, તમારા ............. સામું જોઈએ છે તો તમે પુરુષોત્તમ જણાવ છો.' (ઐશ્વર્ય, ચરણાવિંદ, સ્વરૂપ)
૫. જીવોનાં કારણ શરીર ટાળવા સારુ મહારાજ સાધુ અને ............. સાથે લાવ્યા. (નિયમ, ઐશ્વર્ય, શાસ્ત્ર)
૬. જ્યારે .................. નોખા પડે છે, ત્યારે અધર્મનો પ્રવેશ થાય છે. (સાધુ- હરિભક્ત, આચાર્ય-સદ્ગુરુઓ, એકબીજાના મન)
૭. ............. હરિજન ઉપર મહારાજને બહુ હેત, તે પોતાનું સુખ દેવા મહારાજે મુને રાખ્યો છે. (નિષ્કામી, પ્રેમી, સોરઠ દેશના)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. સ્વામીના શબ્દોમાં પંચ વિષયનું ખંડન. ૨. અક્ષરધામની સર્વોપરિતા.
૩. સ્વામીની વાતોના આધારે-'ગુણાતીતાનંદ સ્વામી અદ્વિતીય વક્તા.'

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. લોજ ગામે નીલકંઠની વિચરણયાત્રાનો વિરામ : સંદર્ભો અને સંજોગ.
૨. વિચરણ - દરમ્યાન વર્ણીએ કરેલું વહેમ નિરસન.
૩. સ્વામિનારાયણ મહામંત્ર પ્રાકટ્ય !

**(બ) નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષય પર મુદ્દાસર નોંધ લખો** ૨૦

૧. બોચાસણ : શ્રીહરિનું લક્ષ્ય. ૨. શ્રીજીએ નર્કના કુંડો ખાલી કરાવ્યા.
૩. રમત હરિ બાલ વિનોદ કરે! ૪. જોબને અનુભવેલો શ્રીજીનો પ્રભાવ.

✿ ✿ ✿